# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક ૯૧ જાન્યુઆરી–માર્ચ ૨૦૨૫

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રીતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી યોગેશભાઈ મહેતા
૫. શ્રી મધુભાઈ મહેતા
૬. શ્રી કુંજલભાઈ પટેલ
૭. શ્રી રોહિતભાઈ પરીખ
૮. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડૉ. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડૉ. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડૉ. પ્રદીપભાઈ અટોદરિયા

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

ઓએસીસ અંકના આ માધ્યમથી આપ સૌને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની પ્રવૃત્તિઓ વિષે માહિતગાર કરતા હું આનંદ અને ગર્વની લાગણી અનુભવું છું.

મિત્રો આપ સૌ જાણો છો કે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન છેલ્લા ૨૩ વર્ષથી કિડનીના ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા સમાજના છેવાડાના માનવી સુધી પહોંચી એક સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવવાની પ્રેરણા અને માર્ગદર્શન આપીને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે.

International Federation of Kidney Foundation અને International Society of Nephrology દ્વારા માર્ચ મહિનાનો બીજો ગુરુવાર એ 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવાતો હોય છે અને દર વર્ષે નવી થીમ અને વિષય સાથે કિડની રોગો અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ માં આ દિવસ "Are Your Kidney OK? Detect early, protect kidney health", થીમની સાથે ૧૩ માર્ચ ૨૦૨૫ ગુરુવારના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવ્યો હતો જેમાં સંસ્થાએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સેમીનાર, રેલી, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર પ્રદર્શન અને તપાસ કેમ્પોનું આયોજન કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં આ દિવસની ઉજવણી કરી હતી. આ દિવસે આયોજિત વિવિધ કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આગળ અંકમાં આપેલ છે.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન IFKF નું સક્રિય સભ્ય છે જેથી આ દિવસના અનુસંધાનમાં અને વિશ્વ કિડની દિવસની થીમને સાર્થક કરવા માટે સંસ્થાએ માર્ચ મહિનાને 'કિડની જાગૃતિ માસ' જાહેર કરીને વિવિધ સંસ્થાઓ જેવી કે વોટર કમિશન ઓફ ઈન્ડિયા, કેન્દ્રીય લોક નિર્માણ વિભાગ ગાંધીનગર, અમદાવાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, એમ.એસ. યુનિવર્સિટી, સ્પીપા અને સિનિયર સીટીઝન કલબ, મહેસાણા વગેરે જેવી નોંધપાત્ર જગ્યાઓ પર કિડની જાગૃતિ કાર્યક્રમો અને કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને માનવ શરીરમાં કિડનીનું મહત્વ, કાર્યો અને રોગો વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લઈ રહેલા દર્દીમિત્રોને જીવન જીવવાનું મનોબળ પુરું પાડવા અને તેમના માનસિક સંતુલન માટે 'પ્રેરણા' બૅનર હેઠળ ચાલતા કાર્યક્રમો નિયમિત રીતે દરેક ચેપ્ટરમાં યોજાઈ રહયા છે.

સંસ્થાની વડોદરા શહેરની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખે કિડનીના જરૂરિયાતમંદ દર્દી મિત્રોને સારવાર માટે આર્થિક રીતે મદદરૂપ થવા વિવિધ શહેરોમાં ચેરિટિ મ્યૂઝિક શો કરવાનો સંકલ્પ કર્યો છે તેના ભાગરૂપે વડોદરા ખાતે ૨ ચેરિટી મ્યૂઝિકલ શો નું આયોજન થયું હતું. જેના માધ્યમથી કુલ રૂ. ૯૮,૦૦૦/– નું દાન 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંતર્ગત સંસ્થાને પ્રાપ્ત થયું છે. આ ઉમદા કાર્ય માટે હું શ્રી રોહિતભાઈ પરીખ અને વડોદરા ચેપ્ટર સલાહકાર સમિતિના સભ્યશ્રીઓને તથા અમારી વડોદરા ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

# જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



મહિલા આઈ.ટી.આઈ., જૂનાગઢ



સાયન્સ કોલેજ, વર્ધમાન કેમ્પસ, મહેસાણા



અલ્થાણ એસએમસી આવાસ, સુરત



પી.જે નર્સિંગ કોલેજ, ભાવનગર



સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી, અમદાવાદ




વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ વોકેશનલ એન્ટરપ્રેન્યોરીયલ, હાલોલ



ભારતીય જળ આયોગ, ગાંધીનગર



કેન્દ્રીય લોક નિર્માણ વિભાગ, ગાંધીનગર



આઈ.ટી.આઈ., તાલાલા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ.પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવીણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગીરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ




નોટિફાઇડ એરિયા, અલંગ




સાબરકાંઠા ચેરિટેબલ ટ્રસ્ટ, હિંમતનગર




સહયોગ મહિલા મંડળ, સુરત




શ્રી શખેશ્વર મહાદેવ મંદિર, રાજકોટ



સામા તળાવ, વડોદરા




વિરમપુરા ગામ, મહેસાણા

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
## રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ પટેલ
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

World Kidney Day 13 MARCH 2025

# વિશ્વ કિડની દિવસ

**દર વર્ષે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.**

**'વિશ્વ કિડની દિવસ' એ ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી (ISN) અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશન – વર્લ્ડ કિડની એલાયન્સ (IFKF-WKA)ની સંયુક્ત પહેલ છે.**

**આ દિવસે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા દરેક ચેપ્ટર ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને આ ખાસ દિવસને ઉજવવામાં આવ્યો હતો.**

## અમદાવાદ

International Federation of Kidney Foundation અને International Society of Nephrology દ્વારા આપવામાં આવેલી થીમ "Are Your Kidney OK? Detect early, protect kidney health", ને સાચા અર્થમાં સાર્થક કરવા માટે સમગ્ર માર્ચ મહિના દરમિયાન ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ગુજરાત રાજ્યના દરેક ચેપ્ટરમાં વિવિધ જગ્યાઓ પર અલગ અલગ કાર્યક્રમો થકી કિડની રોગ અંગે સમાજમાં જાગૃતિ લાવવા અને તેના વહેલા નિદાનનું મહત્વ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે ૧૩ માર્ચ ૨૦૨૫, ગુરુવારના રોજ 'વિશ્વ કિડની દિવસ' નિમિત્તે શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, બલોલનગર, રાણીપ, અમદાવાદ ખાતે કિડની અને શરીરના બીજા અન્ય જરૂરી અંગોને સૌથી વધારે અસર કરતાં રોગ બીપી અને ડાયાબિટીસ તેમજ કિડની રોગની વિના મૂલ્યે તપાસની સાથે સાથે જે. જી ઇન્ટરનેશનલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓના સહયોગથી કિડની જાગૃતિ પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું જેનો લાભ ૧૦૦૦ થી પણ વધુ દર્શનાર્થીઓએ લીધો હતો.

તારીખ ૧૨ માર્ચ ૨૦૨૫, બુધવારના રોજ 'વિશ્વ કિડની દિવસ' ની ઉજવણીના ભાગરૂપે શ્રી રામેશ્વર મહાદેવ મંદિર નિર્ણયનગર અમદાવાદ ખાતે નિ:શુલ્ક બ્લડપ્રેશર ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ સાથે સાથે કિડનીના રોગો વિશે માહિતી આપતી પુસ્તિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું.






## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ભાવનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર શાખાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ કિડની દિવસ–૨૦૨૫ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં તેજસ્વી સ્કૂલના વિદ્યાર્થીઓના સહયોગથી કિડની જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી ભાવનગરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી જેમાં સૂત્રો અને જાગૃતિ પોસ્ટર દ્વારા શહેરના લોકોને કિડની જાગૃતિ અંગેનો સંદેશ પાઠવવામાં આવ્યો હતો. તથા વિદ્યાર્થીઓ માટે કિડની વિષયક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ ઉપરોક્ત બંને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અન્ય એક પ્રવૃત્તિ આ વિશેષ દિવસે અલંગ ખાતે કરવામાં આવી હતી જેમાં રેડક્રોસ સોસાયટી ભાવનગર શાખાની મદદથી જન જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં અલંગ શીપ બ્રેકિંગ યાર્ડમાં કામ કરતા કામદારો બહોળી સંખ્યામાં જોડાયા હતા અને લોકોને કિડની જાગૃતિ સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી સુમિતભાઈ ઠક્કર તથા શ્રી મહેશભાઈ ચુડાસમા જોડાયા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





## રાજકોટ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, રાજકોટ ચેપ્ટર દ્વારા વિશ્વ કિડની દિવસની ઉજવણી નિમિતે ૧૦ માર્ચ ૨૦૨૫ના રોજ રાજકોટ ખાતે નાગરિક બેંક ચોકથી ત્રિકોણબાગ સુધી કિડની રોગ અંગે જાગૃતિ લાવવાના હેતુથી ગવર્મેન્ટ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓના સહકારથી રેલી યોજાઇ હતી.







## મહેસાણા

આ ચેપ્ટર દ્વારા આ ખાસ દિવસે રોટરી ક્લબ ઓફ મહેસાણા ખાતે મહેસાણા સિનિયર સીટીઝન કલબના સભ્યો માટે કિડની જાગૃતિ સેમિનાર તેમજ બીપી, ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સિનિયર તબીબ ડો. કેતુલ પટેલ (યુરોલોજિસ્ટ) દ્વારા કિડની અને કિડનીને લગતા રોગો તથા પ્રોસ્ટેટ વિષે શ્રોતાઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ દરેકનું બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની તપાસ કરીને કિડની રોગ વિષેની માહિતી આપતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાની મહેસાણા ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રોતાઓને સંસ્થાની પ્રવૃતિઓ વિશે માહિતગાર કર્યા હતા.

## વડોદરા

આ દિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરા ચેપ્ટરમાં લાલબાગ ખાતે આવેલા શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે બીપી, ડાયાબિટીસ અને કિડની ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મંદિરના દર્શનાર્થે આવતા ૫૦૦ થી પણ વધુ લોકોએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક (M.S University) ના સયુંકત ઉપક્રમે "કિડની અને કિડનીના રોગો અંગે જનજાગૃતિ વિષય પર" સેમીનારનું આયોજન થયું હતું. જેમાં વડોદરા શહેરના પ્રખ્યાત નેફ્રોલોજિસ્ટ ડો. અર્ચિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ખુબ જ સરળ ભાષામાં કિડનીના રોગો અંગે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને જાગૃત કર્યા હતા.



પ્રેરણા
પુનઃર્વસન કાર્યક્રમ

**"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"**

## અમદાવાદ

તારીખ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪, શનિવારના રોજ સદવિચાર પરિવાર ખાતે 'પ્રેરણા' કાર્યક્રમ અંતર્ગત હાર્ટફુલનેસ મેડિટેશન ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી કિડનીના દર્દી મિત્રો માટે મેડિટેશનનું જીવનમાં મહત્વ સમજાવતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેરણા સભ્યોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને રોજિંદા જીવનમાં મેડિટેશન કરવાનો સંકલ્પ લીધો હતો.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પટેલ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ



## વડોદરા

તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫, રવિવારના રોજ પ્રેરણા ફન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ પ્રેરણા સભ્યોએ કમાટીબાગના જોય ટ્રેનમાં બેસી પ્રાકૃતિક સૌંદર્યનો અનેરો આનંદ માણ્યો હતો.




ત્યારબાદ સૌ પ્રેરણા મિત્રોએ પોતાના વિચારોની આપલે કરી હતી. જેમાં તર્જની ભટ્ટ, કે જેમનું કેડેવરીક કિડની પ્રત્યારોપણ થયું છે અને હાલમા તેઓ પોતાનો અભ્યાસ કરી રહયા છે. તેઓએ હિમોડાયાલિસીસ કરાવતા મિત્રોને કિડની પ્રત્યારોપણ વિષે યોગ્ય માર્ગદર્શન આપીને પોતાના અનુભવ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં ફેકલ્ટી ઓફ સોશિયલ વર્ક (M.S University)માંથી શ્રીમતી ધર્મિષ્ઠાબેન સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સમાજને માટે ઉમદા કાર્ય કરતી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનની પ્રવૃતિઓ માટે ખુશીની લાગણી વ્યક્ત કરતા તેની પ્રશંસા કરી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

## કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓની સારવારમાં મદદરૂપ થવા માટે આયોજિત મ્યૂઝિકલ કાર્યક્રમ

સંસ્થાની વડોદરા ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખે તેમની ૭૧મી વર્ષગાંઠ નિમિત્તે ૭૧ મ્યૂઝિકલ કાર્યક્રમ કરીને કિડનીના દર્દીમિત્રોને સારવારમાં આર્થિક રીતે મદદરૂપ થવા માટે ફંડ એકઠું કરવાનો શુભ સંકલ્પ કરેલ છે.

જેના અનુસંધાનમાં આ સમયગાળામાં ૨ અલગ–અલગ મ્યૂઝિકલ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પહેલો કાર્યક્રમ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૫ કલાકે આનંદાલય સિનિયર સિટીઝન્સ એસોસિએશન (નટુભાઈ સેન્ટર, ગોત્રી) માટે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શ્રી રોહિતભાઈ પરીખ અને તેમના મ્યુઝિકલ ગ્રુપના કલાકારો દ્વારા જુના ફિલ્મી ગીતોની રંગત જમાવી હતી. જેમાં સંસ્થાને સેવ અ લાઈફ કાર્યક્રમ માટે રૂપિયા ૧૨,૦૦૦/– નું દાન પ્રાપ્ત થયું હતું.





અન્ય એક કાર્યક્રમ ૨૧ માર્ચ, ૨૦૨૫ ના રોજ, વડોદરાના માંડવી રોડ પર કલ્યાણ પ્રસાદ હૉલમાં આયોજિત કરવામાં આવ્યો હતો. વડોદરાના પ્રખ્યાત ગાયક શ્રી ચંદ્રશેખર પગેદાર સાહેબ અને તેમની પુત્રી જાનકી કાનેટકરે આ કાર્યક્રમમાં અદ્‌ભુત શાસ્ત્રીય ફિલ્મી ગીતો રજૂ કરીને ૨૦૦ થી પણ વધારે લોકોનું મનોરંજન કર્યું હતું. આ કાર્યક્રમ થકી સંસ્થાને રૂ. ૮૬,૦૦૦/– નું દાન પ્રાપ્ત થયું હતું.

આ ઉમદા કાર્ય માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન શ્રી રોહિતભાઈ પરીખ અને તેમની સંગીત ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.





## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૨ થી કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર માટે આર્થિક સહયોગ કરી રહ્યું છે.

આ ત્રિમાસિક સમયમાં ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ ઘણા બધા કિડનીના દર્દીઓને આ સહાય પૂરી પાડવામાં આવી. જેમાં હિમોડાયાલિસીસ લેતા ૨૨ દર્દીઓને દર મહિને હિમોડાયાલાઈઝર અને ટ્યુબિંગ આપવામાં આવી. તેમજ ૩૬ કિડની ટ્રાન્સપ્લાન્ટ દર્દીઓને દર મહિને દવાઓ માટે કુલ રૂ. ૧,૭૬,૯૧૭/– ની મદદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સંસ્થા દ્વારા ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે સંચાલિત હિમોડાયાલિસીસ યુનિટમાં જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને ૪૩ હિમોડાયાલિસીસ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતા.

### ‘સેવ અ લાઈફ’ કાર્યક્રમના લાભાર્થી પાયલ મોરે



શ્રીમતી પાયલ મોરે

મારું નામ પાયલ મોરે છે અને હું વાપી ગુજરાતની ૨૭ વર્ષની મહિલા છું, પરંતુ હું મારી કિડનીની સારવાર માટે વડોદરામાં રહું છું. મેં MBA - HR માં મારો અભ્યાસ પૂર્ણ કર્યો છે.

મારા સ્વાસ્થ્યને કારણે મારા જીવનમાં એક પડકારજનક વળાંક આવ્યો છે. આ સમસ્યા વર્ષ ૨૦૨૦માં શરૂ થઈ હતી જ્યારે મેં મારા પિતાને તેમની તબીબી સ્થિતિને કારણે ગુમાવ્યા હતા અને તેમના અવસાન સાથે અમારા પરિવારની આવકનો એકમાત્ર સ્ત્રોત પણ બંધ થઈ ગયો હતો.

છેલ્લા સાત વર્ષથી હું ક્રોનિક કિડની રોગથી પીડાઈ રહી છું અને વડોદરાના શહેરના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડૉ. કમલેશ પરીખની દેખરેખ હેઠળ ડાયાલિસીસની સારવાર લઈ રહી છું.

દુર્ભાગ્યવશ, મારી સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓને કારણે મારા માટે રોજગાર મેળવવો મુશ્કેલ બન્યો છે, જેના કારણે અમારી નાણાકીય પરિસ્થિતિ વધુ વિકટ બની અને આ સારવાર લેવી મારા માટે મુશ્કેલ બનવા લાગી. તેજ સમય દરમિયાન જરોદ ખાતે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ‘પ્રેરણા’ કાર્યક્રમ અંર્તગત આયોજિત એક દિવસીય પ્રવાસમાં મારી મુલાકાત સંસ્થાના અધિકારી સાથે થઈ જ્યાં મે મારી તકલીફો એમને જણાવી એ પછી સંસ્થાએ મારી સમસ્યાને ધ્યાનમાં રાખીને મને મદદ કરવાનું શરૂ કર્યું જેનાથી મને ઘણી રાહત મળી છે. હવે હું સંસ્થા દ્વારા આયોજિત થતાં દરેક પ્રેરણા કાર્યક્રમમાં મારી હાજરી આપું છું.

### આ ત્રિમાસિક સમયમાં મળેલ દાનની વિગત

#### મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૫,૦૦,૦૦૦/– |
| શ્રીમતી ચિત્રાબેન અંબાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરા | રૂ. ૧,૧૧,૦૦૦/– |
| શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |
| ફ્યૂયલ ફર્નિસીસ મેન્યુફેકચર્સ, વડોદરા | રૂ. ૧૫,૦૦૦/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |

#### Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |

## મ્યૂઝિકલ કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપનાર દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી સુરેશ શાંતિલાલ મહેતા | રૂ. ૧૫,૦૦૦/– |
| શ્રી ડભોઈ સંખેડા વૈષ્ણવ વણિક પરિવાર – IPCL | રૂ. ૧૦,૦૦૦ |
| ડો.ધવલ ગોપાલભાઈ પરીખ | રૂ. ૧૦,૦૦૦ |
| ધીરજલાલ ઓધવજી કોટેચા | રૂ. ૫,૦૦૧ |
| શ્રી યશ પરિમલ ચોકશી | રૂ. ૫,૦૦૧ |
| ડો.ચીનુભાઈ સોમચંદ દોશી | રૂ. ૫,૦૦૦ |
| શ્રી પરીખ સંજીવકુમાર કનૈયાલાલ | રૂ. ૫,૦૦૦ |
| શ્રીમતી જ્યોતિ જે. રાવલ | રૂ. ૪,૦૦૦ |
| સમાજ સેવા પરિવાર | રૂ. ૩,૫૦૨ |
| આનંદાલય ટ્રસ્ટ | રૂ. ૧,૩૦૧ |
| શ્રી દિનેશભાઈ શેઠ | રૂ. ૧,૧૦૦ |
| શ્રી અલ્કેશભાઈ દેસાઈ | રૂ. ૧,૦૦૧ |
| શ્રીમતી ભારતી બી. રાંદેરિયા | રૂ. ૧,૦૦૦ |
| શ્રી દેવરાજ સોની | રૂ. ૧,૦૦૦ |
| શ્રી ગોપાલભાઈ પરીખ | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી ચંદ્રિકાબેન અશોકકુમાર શાહ | રૂ. ૧,૦૦૦ |
| શ્રીમતી અંજના દેસાઈ | રૂ. ૫૦૧ |
| શ્રી પ્રવિણસિંહ ડોક્ટર | રૂ. ૫૦૧ |
| શ્રી પરિમલ મહેતા | રૂ. ૫૦૧ |
| શ્રીમતી દિપ્તી દિવાનજી | રૂ. ૫૦૧ |
| શ્રી કલ્પેશ એમ. પરીખ | રૂ. ૫૦૦ |
| શ્રીમતી ચક્ષના પી. ધોળકિયા | રૂ. ૫૦૦ |
| શ્રીમતી રક્ષા કે. પરીખ | રૂ. ૫૦૦ |
| શ્રીમતી પુષ્પા મેપરા | રૂ. ૫૦૦ |
| શ્રીમતી સંગીતા વૈદ્ય | રૂ. ૫૦૦ |
| શ્રીમતી અંજના યોગેન્દ્ર ત્રિવેદી | રૂ. ૫૦૦ |
| શ્રી પ્રમોદ પંચોલી | રૂ. ૫૦૦ |
| શ્રી વિનાયક પંડ્યા | રૂ. ૫૦૦ |
| શ્રી કિરીટભાઈ સેરૈયા | રૂ. ૫૦૦ |
| શ્રી રશ્મિકાંત મહેતા | રૂ. ૫૦૦ |
| શ્રી જયેશ જે. શાહ | રૂ. ૫૦૦ |
| શ્રી નવીનભાઈ ભાવસાર | રૂ. ૫૦૦ |
| શ્રીમતી લતાબેન તેવાર | રૂ. ૫૦૦ |
| શ્રીમતી તૃપ્તિબેન શાહ | રૂ. ૫૦૦ |
| મહિન્દ્રા બાલાબેન જે. લુહાર | રૂ. ૫૦૦ |
| શ્રી હેમાંગ પી. ત્રિવેદી | રૂ. ૨૫૦ |
| શ્રી ભગવતીપ્રસાદ પી. પંડ્યા | રૂ. ૨૦૦ |
| શ્રી સુરેશભાઈ શેઠ | રૂ. ૨૦૦ |
| ડો. રમેશભાઈ શાહ | રૂ. ૨૦૦ |
| શ્રીમતી જ્યોત્સનાબેન માકંદ | રૂ. ૧૦૦ |
| શ્રી નરેન્દ્ર પંડ્યા | રૂ. ૧૦૦ |

**ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

**ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન**

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G